ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૪ ટકા

# હોળી-ધૂળેટીએ ઈમર્જન્સીને પહોંચવા ૧૦૮ની ટીમમાં વધારો

## ધૂળેટીએ મારામારી, કેમીકલ બર્ન અને માર્ગ અકસ્માતના બનાવોમાં ૩૦ થી ૩૫ ટકા વધારો થતો હોવાના રેકર્ડ છે : ગત ધૂળેટીએ ગાંધીનગરમાં ૩૨ ટકા વધુ કોલ આવ્યા હતા

### હોળી-ધૂળેટીએ શું ધ્યાન રાખવું

- નુકશાનકારક કેમિકલ્સના રંગોથી આંખોને સલામત રાખવા સનગ્લાસ અચુક પહેરવા જોઈએ.
- જો કોઈ ઈમર્જન્સી પેદા થાય તો ૧૦૮ને કોલ કરી મેડિકલ, ફાયર, પોલિસની મદદ લઈ શકાય.
- ચોખ્ખું પાણી અને સારી ગુણવત્તાના કલરનો ઉપયોગ કરવો.
- વડીલોની હાજરીમાં બાળકોએ હોળી રમવી જોઈએ.
- ચહેરાને કલરના અચાનક આક્રમણથી બચાવવું ખુબ મુશ્કેલ છે પરંતુ જો એમ થાય તો આંખો અને મોઢું ચુસ્તપણે બંધ કરવું જોઈએ.
- પરિવહન કરતી વખતે સજાગ અને સલામત રહેવું પાણીના ફુગ્ગા કે અન્ય કોઈ વસ્તુના અચોકકસ આક્રમણથી ચેતવું અને હેલ્મેટ અવશ્ય પહેરવું.
- કારમાં પરિવહન કરતી વખતે કારની વીન્ડો ચુસ્તપણે બંધ કરવી, જો કારમાં એ.સી.ના હોય તો પણ તેમ કરવું સલાહભર્યું છે. ટોળાની વચ્ચે કાર લઈ જવાનું ટાળો અને સલામત અંતરે રાહ જોઈ પસાર થાવ.

હોળી-ધૂળેટી આ વર્ષે રજાઓ દરમિયાન આયોજનબધ્ધ ગોઠવાઈ હોવાથી શનિવાર, રવિવાર અને સોમવાર ત્રણ દિવસની રજાઓથી મીની વેકેશનનો માહોલ સર્જાશે. મીની વેકેશનના માહોલમાં રસ્તાઓ પર લોકોની તેમજ વાહનોની અવર જવર વધારે રહેવાથી માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ શકે છે તે ઉપરાંત દર વર્ષે હોળી-ધૂળેટીએ ૧૦૮ ઈમર્જન્સી સેવામાં ઈમર્જન્સી કોલ સામાન્ય દિવસો કરતા ૩૦ થી ૩૫ ટકા વધી જતા હોવાના રેકર્ડ છે. જેમાં સૌથી વધુ મારામારીના કિસ્સાઓ, કેમીકલ બર્ન અને માર્ગ અકસ્માતોનો સમાવેશ થાય છે. ગત ધૂળેટીએ ગાંધીનગરમાં ૩૨ ટકા ઈમર્જન્સી કોલ વધ્યા હતા. આ વર્ષે હોળી-ધૂળેટીમાં ૧૦૮ કૉલ વધે તેવી શકયતાઓ માનીને તે સ્થિતિને પહોંચી વળવાની તૈયારીના ભાગરુપે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમમાં વધારો કરવામાં આવ્યો હોવાનું જીવીકેઈએમ આર.આઈ ૧૦૮ ના ચીફ ઓપરેટીંગ ઓફીસર જસવંત પ્રજાપતિએ જણાવ્યું છે.

CALL 108 EMERGENCY • MEDICAL • POLICE • FIRE

### શું ના કરવું જોઈએ

- પાણીના ફુગ્ગાને આંખ, કાન, નાક તમેજ ચેહરા પર સીધા ફેંકવા નહીં.
- બાળકને ઈંડા, કાદવ અને ગટરનાં દુષિત પાણી સાથે હોળી રમતાં અટકાવો.
- ભાંગ કે નશાયુકત પીણું પીધા બાદ ડ્રાઈવીંગ ના કરો.
- હોળીના દિવસોમાં શેરીઓમાં એકલા ના રમો કેમ કે તમે કોઈ ખેલના નિશાન પર હોઈ શકો છો. હોળી નિકટનાં મિત્રો અને સગા સંબંધીઓ સાથે રમો.
- લિસી અથવા ભીની સપાટી પર દોડશો નહીં.
- ભીના શરીરે કોઈ પણ ઈલેકટ્રોનીક સાધનો સથે કાર્ય કરવું નહીં અથવા હાથ સંપુર્ણપણે શુષ્ક કરીને બટન દબાવો.
- જે દુકાને ખોરાક કે મીઠાઈને દુષિત પાણીથી તૈયાર કરવામાં આવેલ હોય તે ખાવાનું ટાળો.

## આઈ લવ માય ગાંધીનગર



**ડિમ્પલ દિનેશભાઈ રાજ**

**ગાંધીનગર ગમે**

ગ્રીન સિટી અને ક્લિન સિટી હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

અહીંના નગરજનો હંમેશા મદદરૂપ થનારા આદર્શ નાગરિકો છે, જેમનો સાથ કોઈપણ રચનાત્મક પ્રવૃત્તિ માટે મળી જ રહે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સરકાર દ્વારા વાઈબ્રન્ટ મહોત્સવ ઉપરાંત અહીંની લાયબ્રેરી ખૂબ ગમે છે. બધા જ પ્રકારની બૂક્સ અહીં ઉપલબ્ધ છે.

**નગરને બહેતર બનાવવા**

રાજ્યનું સૌથી ગોલ્ડન સિટી ગાંધીનગર બને તે માટેના પ્રયાસો કરવા જોઈએ.

**નગર માટે હું કરી શકું**

નગરજનો બધા જ પ્રકારના નીતિ-નિયમોનું પાલન કરે અને શ્રેષ્ઠ નાગરિક તરીકે પંકાય તેવા સઘળા પ્રયાસો કરવા હું તૈયાર છું.

## ‘બાલસાહિત્ય અને આપણે’ પર ફિલિપ કલાર્કનું વકતવ્ય રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ તથા ગાંધીનગર સાહિત્ય સભા ગાંધીનગરના સંયુકત ઉપક્રમે શ્રી ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી ફિલિપ કલાર્ક ‘બાલસાહિત્ય અને આપણે’ વિષય પર વકતવ્ય આપશે. તા. ૧૨મી માર્ચના રોજ સાંજે પાંચ વાગે ગાંધીનગર સાહિત્ય સભા, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ગાંધીનગર ખાતે આ વકતવ્ય યોજાશે તેમ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ જણાવેલ છે.

## લિમ્બચ માતામાં પુનમે મહાઆરતી

ગાંધીનગર, તા.૧૦

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ સંચાલિત શ્રી લિમ્બચ માતાજી મંદિર, સે-૧૩, ગાંધીનગરમાં તા. ૧૨મી માર્ચના રોજ પુનમના દિવસે સાંજે પોણા સાત વાગે મહાઆરતી થશે અને મહાપ્રસાદી ધરાવવામાં આવશે તો ભકતોએ દર્શનનો લાભ લેવા ભરતભાઈ સુર્યાવાલા ટ્રસ્ટીશ્રી પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગરે જણાવેલ છે.

## ‘સર્જક સાથે ગોષ્ઠિ’ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા ગાંધીનગર સાહિત્ય સભા, ગાંધીનગરના સહયોગમાં તા. ૧૨-૩-૨૦૧૭ના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ચ-૫ ફુવારા પાસે, સે-૧૭, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે ડાયસ્પોરિક સર્જક શ્રી રાહુલ શુકલ ‘સર્જક સાથે ગોષ્ઠિ’ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ઉકત કાર્યક્રમના અધ્યક્ષપદે શ્રી ભાગ્યેશ જહા (અધ્યક્ષશ્રી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) તથા ડૉ. બળવંત જાની (પૂર્વ કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ) પોતાનું વકતવ્ય આપશે. ડાયસ્પોરિક સર્જક શ્રી રાહુલ શુકલ ‘સર્જક સાથે ગોષ્ઠિ’ પોતાનું પ્રાસંગિક વકતવ્ય આપશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના સાહિત્ય રસિક ભાવકો, સર્જકોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પ્રમુખ ભરત કવિ તથા મહામંત્રી મનોજ ઓઝાએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

## સે-૧૫માં આઈટીઆઈ ખાતે રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ખાતેની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે શહેરની સ્વૈચ્છીક સંસ્થાઓ સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ તથા સહયોગ મંડળના સહયોગથી તા. ૯-૩-૨૦૧૭ના રોજ એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થી વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહભેર ૬૫ બોટલ રકતદાન કરી જરૂરિયાતમંદ દર્દીઓ માટે યોગદાન આપ્યું હતું.

રકતદાન શિબિરને સફળ બનાવવા માટે આઈટીઆઈ અધિકારી જયેશ મહેતા સ્વૈચ્છીક સંસ્થાઓના સભ્યો રવિન્દ્ર દવે, આર.જે. શાહ, ભગુભાઈ પટેલ તથા દશરથભાઈ પરમારે ભારે જહેમત ઉઠાવી હતી.

આઈટીઆઈના કર્મચારી આર.આર. ગોસાઈએ ૭૯મી વખત રકતદાન કરી પ્રેરણાદાયક ઉદાહરણ પુરું પાડયું હતું. સંસ્થાના કર્મચારીઓએ પણ સુંદર સહયોગ આપ્યો હતો. આઈટીઆઈના પ્રિન્સિપાલ વ્યાસે પ્રશંસનીય સહયોગ આપ્યો હતો.

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, રવિન્દ્ર દવે, ભગુભાઈ પટેલ, એચ.બી. શાહ, રસિકભાઈ ગાંધી વિગેરેએ શિબિરમાં ઉપસ્થિત રહી સુંદર સહયોગ આપ્યો હતો.

સિવિલ હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડૉ. શીતલબેન ચૌહાણની રાહબરી હેઠળ સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા હોસ્પિટલમાં દાખલ દર્દીઓ માટે રકતદાન એકત્રીકરણની કામગીરી કરવામાં આવી હતી.

## સેકટર-૨૬ ગ્રીનસીટીમાં પાણીની વિકટ સમસ્યા

ગાંધીનગર, તા.૧૦

ગ્રીનસીટી વિજાણું વસાહત સેકટર-૨૬માં નર્મદાનું પાણી ફકત વસાહતીઓને મળી રહે તે હેતુથી જાહેર જનતાને લાભાર્થે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે નર્મદાનો પાણી પુરવઠો આપવા હુકમો કરેલ હતા.

પરંતુ નર્મદાનો પાણી પુરવઠો ન્યુ ગ્રીનસીટીની જે, કે, એન, એલ સીરીજના વસાહતીઓને પહોંચે તે પહેલા જ જીઆઈડીસીના અધિકારીઓએ ગેઝીયાને નર્મદાની મુખ્ય પાઈપ લાઈનમાંથી વચ્ચેથી જોડાણો આપેલ છે. પરિણામે ન્યુ ગ્રીનસીટીના પ્રજાને પાણી ઓછું મળે છે અને પાણીના ટેન્કરો મંગાવવાની વ્યવસ્થા કરવી પડે છે.

નર્મદાની પાણીની પાઈપલાઈનનો નિભાવ ખર્ચ ગ્રીનસીટીના વસાહતીઓના માથે નાંખવામાં આવેલ છે. વસાહત મંડળના પ્રમુખ સુનીલભાઈ શાહે જરુરી આરટીઆઈની અરજી દ્વારા માહિતી માંગેલ છે પરંતુ અધિકારીઓ આ માહિતી આપવાનો ઈન્કાર કરી રહ્યા છે.

જો સાચી મહિતી નહિ આપવામાં આવે તો માહિતી આયોગમાં ફરિયાદ કરવામાં આવશે તેમ વસાહત મંડળના પ્રમુખ સુનીલભાઈ શાહે જણાવેલ છે.

## સે-૩૦ ગુરુદ્વારા સામે યુવાન ઉપર લોખંડની પાઈપથી હુમલો

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૩૦ ખાતે આવેલા ગુરુદ્વારામાં નમન કરવા આવેલા યુવાનને ગઈ બપોરે ચાર શખ્સોએ મળીને ઢીબી નાંખ્યો હતો. લોખંડની પાઈપ વડે યુવાન પર નજીવી બાબતે હુમલો કરી તેની બોલેરો જીપમાં તોડફોડ કરીને ચારેય શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ બી.જી. યાદવે ચાર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

કલોલ તાલુકાના છત્રાલ વિસ્તારમાં રહેતા શેરસિંગ કાળુસિંહ તથા કતારસિંગ ગઈ કાલે બોલેરો જીપ લઈને ગાંધીનગર સે-૩૦ ખાતે સ્થિત ગુરુદ્વારામાં આવ્યા હતા. ગુરુદ્વારાની બહાર બંને ઉભા હતા ત્યારે પેથાપુરના ત્રિલોકસિંગ છોટુસિંગ, પીલ્લુસિંગ છોટુસિંગ, રણધીરસિંગ છોટુસિંગ અને વડોદરાના કમાલસિંહ નામના ચાર શખ્સો આવ્યા અને અમારા ખોટા નામ પોલીસ સ્ટેશનમાં કેમ આપ્યા છે? તેમ કહીને ગાળાગાળી શરુ કરી દીધી હતી. શેરસિંગે ગાળો બોલવાની ના પાડતા ત્રિલોકસિંગે લોખંડની પાઈપ કાઢીને મારામારી શરુ કરી દીધી હતી ત્યાર બાદ ચારેય શખ્સોએ હુમલો કર્યા બાદ બોલેરો જીપમાં પણ તોડફોડ કરી મુકી હતી. ધમાલ કરીને ચારેય શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે શેરસિંગે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ બી.જી. યાદવે ગુનો દાખલ કરી ચારેયની શોધખોળ શરુ કરી છે.

## કેએસવીના સર્વ નેતૃત્વ ટીમની ૨૪મી તાલીમ શિબિર સંપન્ન

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજીત ‘સર્વ નેતૃત્વ’-૨૪મી નિવાસી તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં જુદી જુદી ૧૨ કોલેજના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર શિબિર દરમિયાન કોર્પોરેટ ટ્રેનર સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે ૭૩ વર્ષીય યોગશિક્ષક જે.સી. પટેલ અને નિષ્ઠાબેન ઠાકર કે જેઓને જીનેટિક પ્રોગ્રેસિવ ડીસ-ઓર્ડરની બીમારી હોવા છતાં સમગ્ર ભારતમાં મસ્કયુલર ડીસ્ત્રોફીથી પીડિત માટે કામ કરે છે જેમણે પોતાના જીવન પ્રસંગો વર્ણવી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. અને વિદ્યાર્થીઓને નાની નાની સમાજસેવી પ્રવૃત્તિ થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું.

૨૪માં કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા સમાજ ઉપયોગી પ્રોજેકટ રજુ કરાયા હતા. તાલીમાર્થીઓને પ્રેરણા મળી રહે અને પ્રોજેકટ પર કામ કરવાની સમજણ કેળવાય એ માટે પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા શરુ કરવામાં આવેલ મનન પટેલે ‘રાઈટ ટુ ફુડ’ વિશે અને કાજલ પટેલે ‘સ્વય સિધ્ધા’ પ્રોજેકટસની માહિતી આપી હતી. પાંચ દિવસીય નિવાસી શિબિરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમ, સફાઈ વિદ્યાલય અને માનવ સાધના કેન્દ્રની મુલાકાતે લઈ જવાયા હતા.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ડૉ. યોગેશ પટેલ અને યુવા અનસ્ટોપેબલમાંથી માલવ વ્યાસ તાલીમાર્થીઓનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો ઓર્ડીનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, એ.એ. પટેલ કોમર્સ કોલેજ અને સહાયક તરીકે કુશલ ભટ્ટ અને જહાનવી ગજ્જર દ્વારા કરવામાં આવ્યું હતું.

## રવિવારે સે-૨૧ જૈન દેરાસર ખાતે સમાજ સમરસતા વિષયે જાહેર પ્રવચન

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતે નવા એમએલએ કવાટર્સની બાજુમાં જૈન દેરાસર ખાતે તા. ૧૨મી માર્ચે હોળીના દિવસ સવારે ૮.૩૦ કલાકે ‘સમાજ સમરસતા’ વિષય પર જાહેર પ્રવચન યોજાશે. આ કાર્યક્રમમાં દિગમ્બર જૈન મુનિ ઉપાધ્યાય પૂ. અનુભવસાગરજી મહારાજ તથા મુનિ પૂ. વિશ્રુતસાગરજી મહારાજ તેમના પ્રવચન આપશે. આ પ્રવચનનો લાભ લેવા ગાંધીનગરના ધર્મપ્રેમી નગરજનોને જાહેર આમંત્રણ દિગમ્બર જૈન સમાજ દ્વારા પાઠવવામાં આવ્યું છે.

## સ્કૂલ ઓફ કોમર્સમાં વિદાય સમારોહ

ગાંધીનગર, તા.૧૦

શ્રી એન.કે. સોલંકી (મોગર) સ્કૂલ ઓફ કોમર્સમાં ૨૦૧૬-૧૭માં ધો-૧૨ કોમર્સમાં ૧૦૦ટકા પરિણામ મેળવનાર અને ગાંધીનગરમાં ટોપ ૧૦માં આ સ્કૂલના ૭ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માન કરાયું હતું તેમજ તેમનો વિદાય સમારંભ પણ યોજવામાં આવ્યો હતો.

નિયામકશ્રી રાજેશભાઈ દરજી અને આશીફ મનસુરી તેમજ આચાર્ય શ્રીમતી હિમાદ્રીબેન જાનીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ તેમના અનુભવો વર્ણવ્યા હતા તથા શાળા સંચાલકો અને શિક્ષકો પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો. રમતોત્સવમાં વિજયી થનાર વિદ્યાર્થીઓને પણ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## વૈષ્ણવ હવેલીમાં યોજાયો હોરી-રસીયા કાર્યક્રમ

ગાંધીનગર વૈષ્ણવ સમાજ તરફથી તા. ૮ માર્ચના રોજ કુંજ એકાદશી નિમિત્તે હવેલી મંદિરમાં મથુરા (વ્રજ)થી આવેલા વ્રજવાસી શ્રી દિપકભાઈ શર્મા અને સાથી કલાકારો દ્વારા હોરી-રસીયાનો કાર્યક્રમ યોજાયો હતો. કલાવૃંદ દ્વારા મયુર નૃત્ય, લઠ્ઠામાર હોળી, ફુલોની હોળી તથા પ્રચલિત રસીયાનું ગાન કરીને વૈષ્ણવોને ભાવવિભોર કર્યા હતા.

## સરકારી કર્મચારીઓ તરફ ભેદભાવ

વિધાનસભાના ચાલુ સત્રમાં ધારાસભ્ય જો કોઈ હોસ્પિટલમાં સારવાર લે તો તેનું બીલ રજુ કરે તો પાસ કરવામાં આવશે તેવો કાયદો ઘડવામાં આવનાર છે જે કર્મચારી પ્રત્યે અણગમો દર્શાવે છે.

ધારાસભ્ય માત્ર પાંચ જ વર્ષ સેવાઓ આપે અને તેઓને તમામ લાભ મળતા હોય તો ૩૫ વર્ષની સેવા આપનાર કર્મચારીઓને આ લાભ આપવો જોઈએ. જો હાલ આ લાભ આપી શકાય તેમ ના હોય તો તમામ કર્મચારીને રાહત દરની મેડીકલ પોલીસી આજીવન આપવી જોઈએ.

ચુંટાયેલા ધારાસભ્યને મુસાફરીમાં એક સહાયક આપવામાં આવે છે તે રીતે સિનીયર સિટીઝનોને પણ મુસાફરીમાં એક સહાયક વ્યકિત આપવી જોઈએ જેથી નિવૃત્ત કર્મચારી દેવ દર્શને જઈ શકે. વળી કેટલાક ધારાસભ્ય, સંસદ સભ્યશ્રીઓને ફાળવેલ પ્લોટ વેચાણ કરી જતા રહ્યા છે તે રીતે સરકારી કર્મચારીઓને પણ આકસ્મિક સંજોગોમાં પ્લોટ વેચાણ આપવાની મંજુરી આપવા વસાહત મંડળ સે-૩ના સામાજીક કાર્યકર નરસિંહભાઈ પરમારે માંગણી કરેલ છે.

## લોહાણા યુવા સંગઠન દ્વારા ધૂળેટી પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા આગામી તા. ૧૩ માર્ચ, ૨૦૧૭ને સોમવારના રોજ ધૂળેટીના પર્વની ઉજવણી શ્રી જલારામ મંદિર, સેકટર-૨૯ ખાતે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન કરવામાં આવનાર છે.

આ પ્રસંગે સમાજના સૌ ભાઈ-બહેનો અને ખાસ કરીને યુવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ગુલાલ તેમજ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## સેકટર-૩માં વસાહતીઓને મુશ્કેલીઓની પરંપરા

ગાંધીનગર, તા.૧૦

સેકટર-૩માં મુશ્કેલીઓનો કોઈ અંત નથી. વસાહતીઓ જીવન આવશ્યક બાબતોમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. અવારનવાર સ્ટ્રીટલાઈટો બંધ થઈ જાય છે. પાણીનો પ્રવાહ બિલકુલ ધીમો આવે છે જેથી ટાંકીઓ ભરાતી નથી અને આથી ગૃહિણીઓ ત્રાહિમામ પોકારી ગઈ છે. આંતરિક રસ્તાઓ બિલકુલ ધોવાઈ ગયા છે જયાં ત્યાં ખાડા પડેલા છે. દવાખાનું બાંધ્યા પછી આજ દિન સુધી ચાલુ કરવામાં આવેલ નથી તો દવાખાનું પણ સત્વરે ચાલુ કરવાની જરૂરિયાત ઉભી થઈ છે.

બગીચામાં સોલાર લાઈટો બંધ છે. રામેશ્વર મંદિર, પ્રાથમિક શાળા પાસે ચાર રસ્તામાં અકસ્માતો કાયમી બન્યા છે. તાજેતરમાં આશાસ્પદ શિક્ષકનું અકાળે મોત થયું છે. જેથી ચાર રસ્તા પર બમ્પ મુકવાની પણ તાતી જરૂરિયાત ઉભી થઈ છે.

બગીચામાં શૌચાલય બનાવવામાં આવી રહેલ છે પણ બાળકોને રમવાના સાધનો તુટી ગયેલા છે. તો ઉપરોકત મુશ્કેલીઓ પરત્વે ધ્યાન દોરવા વસાહત મંડળ સે-૩ના મહામંત્રી નરસિંહભાઈ પરમારે જણાવેલ છે.




## વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજનું ગૌરવ

વિત્તિય સાક્ષરતા અંતર્ગત યોજાનારા રાષ્ટ્રીય સંમેલનમાં એકત્ર થઈ રહેલા દેશભરના છાત્રોમાં વિશ્વકર્મા સરકારી ઈજનરી કોલેજના પણ બે સ્વયંસેવકોનો સમાવેશ થનાર હોઈ સમગ્ર કોલેજ કેમ્પસમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે ૨૦૧૩માં માત્ર ૫ સભ્યો સાથે પ્રારંભ કરવામાં આવેલ એનએસએસ યુનિટ દ્વારા અત્યાર સુધીમાં વિવિધ સામાજિક સેવા તથા જાગૃતિ અંગેના ૩૨ કાર્યક્રમો યોજાઈ ચુકયા છે. આ કાર્યક્રમોમાં રકતદાન શિબિર, થેલેસેમિયા ટેસ્ટ, સ્ટેમ સેલ અવેરનેસ એન્ડ બૉનમેરો પરિક્ષણ, પક્ષી બચાવો અભિયાન, જોય ઓફ ગીવિંગ તથા વૃક્ષારોપણ વગેરેનો સમાવેશ થાય છે. હાલ આ યુનિટમાં ૭૫ સ્વયંસેવકો કાર્યરત છે.

## @ગાંધીનગર

- સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને તેજ આઈ કેર ના સહયોગથી તેમજ વોર્ડ નં. ૭ના કોર્પોરેટર દ્વારા આજે સવારે ૯.૦૦ કલાકે સરકારી પ્રાથમિક શાળા સે-૩ ખાતે શાળાના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાશે.
- ગાંધીનગર સંસ્કાર ગ્રુપ દ્વારા ધોળાકુવા પ્રાથમિક શાળામાં સવારે ૧૧.૩૦ કલાકે કંકુ, ચંદન, ગુલાલ, કેસુડો લઈને બાળકો સાથે હોળી-ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવશે તથા સાથે આ પર્વનું મહત્વ સમજાવવામાં આવશે.
- યુવા કથાકાર શ્રી ગોસ્વામી સંજય ભારતી બાપુની વ્યાસપીઠે સાંજે ૫ થી ૭ કલાકે કેતનભાઈ ત્રિવેદીના યજમાન પદે ટેક્ષલ ઈન્ડસ્ટ્રીઝ લિ. સાંતેજ-ખાત્રજ રોડ, તા. કલોલ, જિ. ગાંધીનગર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.
- શત્રુઘ્નભાઈ એમ. પંડયાના યજમાન પદે સી-૩/૨, એનઆઈસીએમ સ્ટાફ કવાટર્સ, એનઆઈસીએમ કોલેજ પાસે-ઈન્ફોસીટી-ગાંધીનગર ખાતે રાત્રે ૯ થી ૧૧ કલાક દરમિયાન સુંદરકાંડ પાઠ યુવા કથાકારશ્રી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાશે.

## વાતવાતમાં

- ઉત્તરપ્રદેશ સહિત અન્ય રાજયોની ચુંટણીના એકિઝટ પોલના તારણો શહેરમાં ‘ટોક ઓફ ધ ટાઉન’ બન્યા છે. ચોરે ને ચૌટે નાગરિકો રાજયોની ચુંટણીઓના પરિણામો અંગે પોતપોતાનો મત વ્યકત કરવા સાથે સોશિયલ મિડીયા પર એકિઝટ પોલ અંગેના ચબરાકિયા પણ શે’ર કરી રહ્યાં છે.
- શહેરમાં બપોરના સમયે આકાશમાં વાદળો વેરાઈ આવતા માહોલ બદલાઈ ગયો હતો. વાદળછાયા વાતાવરણની સાથે છુટાં છવાયા થોડા છાંટા પણ પડતા કમોસમી વરસાદની ભીતિ સર્જાઈ છે.
- જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા આયુષ અવેરનેસ મેગા કેમ્પનું રવિવારે ઝુંડાલની લાયન્સ કલબ ઓફ દિગ્વિજય હાઈસ્કૂલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ મેગા કેમ્પમાં સવારે ૯ થી ૧ વાગ્યા દરમિયાન નિષ્ણાંત સરકારી આયુર્વેદ તબીબો દ્વારા સેવાઓ આપવામાં આવનાર છે.

## જુસિકને ચક્ષુદાન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા.૧૦

આજ રોજ ગાંધીનગરના સેકટર-૨૬ ગ્રીનસીટી સોસાયટીમાં પ્લોટ નં. ૧૦ખાતે રહેતા ૮૨ વર્ષીય અમરતલાલ જીવરાજભાઈ શાહનું અવસાન થતા સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન જુનિયર સિટીઝન કાઉન્સિલને પ્રાપ્ત થયું છે. આ ચક્ષુદાન સ્વર્ગસ્થના કુટુંબીજન વિજયભાઈ અમરતલાલ શાહની સંમતિથી મેળવવામાં આવ્યું હતું. ચક્ષુદાનમાં જરુરી તબીબી સેવાઓ માટે ડૉ. સૌરવ તથા ડૉ. પ્રાંશાથીએ પુરી પાડી હતી જયારે જુસિકાના કાર્યકર ગણપત મકવાણાએ આ ચક્ષુઓને એકત્ર કરી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય પાર પાડયું હતું.

## ચિરવિદાય

- સ્વ. ખોડાભાઈ શંકરભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૦
- સ્વ. અમૃતલાલ જીવરાજ શાહ, ઉ.વ. ૮૨
- સ્વ. મુનીબેન ભૂરાભાઈ દેવીપૂજક, ઉ.વ. ૪૦